# સેક્ટર-૨૮ના બાલોદ્યાનના નવીનીકરણ પછી સંચાલન માટે રિટેન્ડરીંગનો નિર્ણય

**વહીવટીય પ્રક્રિયામાં અટવાયેલા તંત્રને કારણે ફૂડઝોન અને ગ્રામહાટ હજુ પણ કાર્યરત થયા નથી : નવી રાઈડ્સ માટે હજુ પણ રાહ જોતી પ્રજા**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરનું આગવુ આકર્ષણ એટલે તેના ઉદ્યાનો મનાતા હતા અને તેમાંય સે. ૨૮માં આવેલ બાલોદ્યાન એ શિરમોર હતુ. આ બાલોદ્યાનના નવીનીકરણ માટે રૂ. ૧૨ કરોડ જેટલો જંગી ખર્ચ કરાયા પછી પણ અહિ બનાવાયેલ ગ્રામહાટ, એમ્યુઝમેન્ટપાર્ક, ફૂડ ઝોન જેવી સુવિધાઓ કાર્યરત થઈ શકી નથી.

કરોડોના ખર્ચ પછી આ બાલોદ્યાનના નવીનીકરણ બાદ તેની આવક નિયમિત રીતે મળે તે માટે મનપા દ્વારા તેનુ સંચાલન એજન્સીને સોંપવા માટે ટેન્ડરીંગની પ્રક્રિયા હાથ ધરી હતી.

મનપાના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ટેન્ડરીંગ પ્રક્રિયામાં સારી આવકના સંકેતો પણ તંત્રને મળ્યા હતા. ટેન્ડરની ટેકનીકલ અને નાણાંકીય ચકાસણી પણ કરવામાં આવી હતી પરંતુ અગમ્ય કારણોસર આ આખીય બાબતને અભેરાઈએ ચડાવી દેવામાં આવી છે અને હવે આખુ પુનઃ ટેન્ડર કરવાની દિશામાં તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે બાલોદ્યાનના લોકાર્પણ પછીના દોઢ વર્ષ જેટલો સમય વિત્યા બાદ હજુ મનપામાં સંચાલનની પ્રક્રિયાને લઈ ટેન્ડરના મુદ્દે જ અટવાયેલી રહેવા પામેલી છે.

રૂ. ૧૨ કરોડના ખર્ચે બાલોદ્યાનના નવીનીકરણ બાદ માત્ર બોટીગં અને ટોય ટ્રેનની સુવિધા સાથે લોકાર્પણ થયુ હતુ અને તે વેળાએ મનપાએ ગ્રામહાટ, ફૂડ ઝોન જેવા અન્ય આકર્ષણો સાથે કેટલીક નવીન રાઈડ્સ પણ મુકવામાં આવશે તેવી વાત કહી હતી.

જો કે હજુ સુધી આ દિશામાં કોઈ નક્કર કાર્યવાહી નથી થઈ અને ટેન્ડર અને રિટેન્ડરીંગમાં જ તંત્ર જે રીતે અટવાયુ છે તેને લઈ ગ્રામહાટ અને ફૂડઝોન જેવી સુવિધાઓ માટે ઉભુ કરાયેલુ માળખુ પણ હાલ તો ગંદકીથી ખદબદી રહ્યુ છે.

નવા ટેન્ડરમાં કેટલીક શરતો ઉમેરવામાં આવી હોવાની વાતો મનપાના સૂત્રોમાંથી સાંભળવા મળી રહી છે. જેમાં દૈનિક આવકમાંથી ૧૦ ટકા હિસ્સાની વાત પણ હોવાનું કહેવાય છે. પરંતુ અગાઉ આ જ બાલોદ્યાનમાં ટ્રેનની ટિકિટમાં થયેલા નાણાંકીય ગોટાળાની વાતો પણ જાણીતી છે અને પ્રજા અદ્યતન બાલોદ્યાન ક્યારે ખરેખર નવીનીકરણ પછી આકર્ષણનું કેન્દ્ર રહેશે કે કેમ તેને લઈ લોકજીભે અનેક તર્કવિતર્ક સાથેની વાતો ચર્ચાતી સાંભળવા મળી રહી છે.

# જિલ્લામાં ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી ૮૯ ટકા કામગીરી પૂર્ણ

**ચાલુ નાણાંકીય વર્ષમાં પણ ૭૦ ટકા જેટલી કામગીરી સંપન્ન : સમય-મર્યાદામાં કામ પૂર્ણ થાય તે જોવા તાકીદ**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં ૧૪મા નાણાંપંચની મળેલ ગ્રાન્ટમાંથી ૮૯ ટકા જેટલી કામગીરી પૂર્ણ થતાં રાજ્યના મોખરાના જિલ્લા તરીકેનું સ્થાન પામેલ છે.

મળતી વિગતો પ્રમાણે ૨૦૧૫-૧૬ થી ૧૯-૨૦ દરમ્યાન નાણાંપંચની ગ્રાન્ટમાંથી ગ્રામ્યસ્તરે ૯૪૪૬ કામોનું આયોજન થઈ આવ્યુ હતુ. આ પૈકી ૭૬૨૬ જેટલા કામો પૂર્ણ થઈ ગયા છે. ૧૪મા નાણાંપંચ અંતર્ગત જિલ્લાને મળેલ ૧૬૮ કરોડની ગ્રાન્ટમાંથી મોટાભાગની રકમનો ખર્ચ થઈ ચુક્યો છે.

૨૦૧૯-૨૦માં ૨૮૪૦ કામોનું આયોજન થઈ આવ્યુ હતુ જેમાંથી ૧૩૨૯ જેટલા કામો પૂર્ણ થઈ ચુકયા છે. આમ ચાલુ નાણાંકીય વર્ષમાં પણ લગભગ ૭૦ ટકા જેટલી કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.

તાજેતરમાં જિલ્લામાં નાણાંપંચની ગ્રાન્ટ અન્વયે વિકાસ કામોની સમીક્ષા માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ બેઠક બોલાવી હતી તેમાં પણ જે કામો પ્રગતિ હેઠળ છે તેમાં ગતિ લાવવા માટે તેમજ બાકી રહેલા કામો માર્ચ ૨૦૨૦ સુધીમાં પૂર્ણ થાય તે માટે કડક તાકીદ પણ કરી હતી.

૧૪મા નાણાંપંચની ગ્રાન્ટ વસ્તીના ધોરણે પંચાયતોને સીધી ફાળવવામાં આવે છે. રાજ્ય સરકારે પણ આ ગ્રાન્ટમાંથી થયેલ વિકાસ કામોનું ક્રોસ વેરીફેકેશનની કામગીરી કરાવવાનો નિર્ણય કરેલ છે અને હાલ આ વેરીફેકેશનની કામગીરી ચાલી રહી છે.

જિલ્લામાં નાણાંપંચની ગ્રાન્ટમાંથી થયેલ વિકાસના કામો સમયમર્યાદામાં પૂર્ણ થાય તે જોવા પણ સૂચના આપવામાં આવી છે.



શહેરમાં ઠંડીનો પારો રોજ બરોજ ઉપર નીચે થાય છે. જયારે ઠંડીના પારાની ચઢઉતર વચ્ચે મોસમનો મિજાજ પણ બદલાય છે. દિવસે ક્યારેક મહત્તમ તાપમાન વધતા નગરજનોને ડબલ સિઝનનો અહેસાસ પણ થાય છે. પરંતુ સાંજ ઢળતા જ વાતાવરણમાં ઠંડીનુ મોજુ ફરી વળે છે. નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. જયારે ઠંડીમાં તાપણીની મજા માંણતા યુવાનો અને શ્રમિકો માટે શિયાળાની મોસમ અનોખી મજા આપે છે. સાંજના સમયે ઠંડીનો મિજાજ ઉગ્ર બનતા જનજીવન પર અસર વર્તાય છે.

# લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ફેરફાર હજુ ઠંડીનુ જોર વધવાની સંભાવના

**મહત્તમ તાપમાન પણ એક ડીગ્રી નીચુ ગયુ : વિચિત્ર મોસમના લીધે નગરજનોમાં તાવ, શરદી અને ગળામાં દુખાવાની ફરિયાદનુ પ્રમાણ વધુ**

ગાંધીનગર તા ૮

શહેરમાં આજે ઠંડીનુ જોર થોડુ વધ્યુ હતુ. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ગિરાવટ આવી હતી મહત્તમ તાપમાન પણ એક ડીગ્રી નીચે ઉતર્યુ હતુ. જયારે ઠંડીનો પારો પણ નજીવો ગગડયો હતો. લઘુત્તમ તાપમાન ૧૨ ડીગ્રી રહ્યુ હતુ. પરંતુ વાતાવરણમાં અનોખી ઠંડક પ્રસરેલી રહી હતી. સાંજ ઢળતા જ ઠંડીનો ચમકારો અનુભવાતા નાગરિકો ગરમ કપડામાં લપેટાઈ ગયા હતા. જયારે દિવસ દરમિયાન પણ નગરજનોએ હળવા તડકાનો અહેસાસ કર્યો હતો.

ગાંધીનગરમાં આ વર્ષે શિયાળાની મોસમ વિચિત્ર પુરવાર થઈ છે. અલબત્ત મોસમમાં સતત નાટયાત્મક પલ્ટા વચ્ચે ઠંડીની મોસમનો નઝારો પણ રોજબરોજ બદલાતો જોવા મળે છે. એકબાજુ રોજ ઠંડીના પારાની ચઢઉતર વચ્ચે ગમે ત્યારે આકાશી નઝારો પણ બદલાય છે. જયારે કોઈક દિવસ અચાનક જ મહત્તમ તાપમાન

● અનુસંધાન પાન-૭ પર

# કુટુંબ કલ્યાણ ક્ષેત્રે જિલ્લાની નબળી કામગીરીને સુધારવા આરોગ્ય કમિશ્નરેટની તાકીદ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં કુટુંબ-કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત નબળી કામગીરી જણાતાં રાજ્યની આરોગ્ય કમિશ્નરશ્રીની કચેરીએ જિલ્લાતંત્રનો કાન આંબળી કામગીરીમાં સુધાર લાવવા કડક તાકીદ કરી છે.

મળતી વિગતો પ્રમાણે રાષ્ટ્રીય કુટુંબ-કલ્યાણ કાર્યક્રમ અંતર્ગત માહે ડિસેમ્બર-૧૯ અંતિત કુટુંબ કલ્યાણની વિવિધ પદ્ધતિઓ હેઠળ કામગીરી ૭૫ ટકાથી વધુ અપેક્ષિત છે. જે ડિસેમ્બર અંતિત ફિઝીકલ અને ફાઈનાન્સીયલ કામગીરી ખુબ જ નબળી જણાઈ આવી છે. સરકારી સંસ્થાઓમાં થયેલા સુવાવડ પૈકી ૬૦ ટકા કેસોના PPIUCDની કામગીરી થાય તે પણ સુનિશ્ચિત કરવામાં આવે તેમજ આ કામગીરીમાં આપના તરફથી દૈનિક ધોરણે રિવ્યુ લેવાય તે પણ ખુબજ જરૂરી છે.

મળતી બિન સત્તાવાર વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં વ્યંધિકરણની કામગીરી ૪૦ ટકા, આઈ.યુ.સી.ડી.ની કામગીરી ૫૬ ટકા અને ફાઈનાન્સીયલ કામગીરી ૫૫ ટકા જેટલી ડિસેમ્બર અંતિત થયેલ છે જે ખુબ જ નબળી કામગીરી ગણી કમિશ્નરેટ દ્વારા તંત્રનો કાન આંમળવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ માટે વારંવાર તાકીદ કરવામાં આવી છે પરંતુ તંત્ર દ્વારા આ બધી બાબતોને લઈ દાખવવામાં આવતી ઉદાસીનતા હવે સામે આવી છે.

# ગાંધીનગરમાં રાષ્ટ્રીય લોક અદાલતમાં ૧૯૬૩ કેસોનો સમાધાનથી નિકાલ કરાયો

**૧૩૬ કેસોનો કોર્ટમાં દાખલ થતા પુર્વે જ સમાધાનથી નિકાલ કરાયો : ૧૩૦ બેન્ક લોનના કેસોનો પણ નિકાલ થયો**

ગાંધીનગર તા ૮

રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ દ્વારા આજરોજ સમગ્ર દેશની અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલતનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જયારે ગાંધીનગર જિલ્લાની પણ તમામ તાલુકા અદાલતોમાં નેશનલ લોક અદાલત યોજવામાં આવી હતી. આ દરમિયાન કુલ ૧૯૬૩ કેસોનો સમાધાનથી નિકાલ કરાયો હતો. જયારે આ પૈકી ૧૩૦ બેન્ક લોનના તેમજ ૬ ગેસ બીલના કેસોનો સમાવેશ થાય છે.


રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળના આદેશ અનુસાર સમગ્ર દેશમાં ૮ ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય લોક અદાલતનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેના ભાગરૂપે ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળના ઉપક્રમે ગાંધીનગર જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના અધ્યક્ષ આઈ જે વોરાના માર્ગદર્શન હેઠળ જિલ્લાની તમામ તાલુકાની અદાલતોમાં નેશનલ લોક અદાલતનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ અંગે જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના સચિવ પી એસ રાઠોડે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આ રાષ્ટ્રીય લોક અદાલતમાં સમાધાન લાયક ફોજદારી કેસો, નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ૧૩૮, મની રીકવરી, મોટર અકસ્માત વળતરના કેસો, લગ્ન વિષયક કેસો, સિવિલ કેસો સહીત કુલ ૫૬૨ કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો હતો. જયારે ડેડવુડ કેસોમાં અલબત્ત નજીવા પ્રકારના ગુન્હાના કેસો હોય અને જેમાં સામાન્ય દંડ અને સજાની જોગવાઈ હોય તેવા ૧૨૬૫ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો. જયારે આ લોકઅદાલત દરમિયાન ૧૩૬ કેસો કોર્ટમાં દાખલ થતા પુર્વે સમાધાનથી નિકાલ કરાયા હતા. જયારે ૧૩૦ બેન્ક લોનના કેસો એ ૬ ગેસ બીલના કેસોનો પણ સમાવેશ થાય છે.

# સ્વાસ્થ્ય સારુ રાખવા ફેમિલી ફાર્મરની વધુ જરૂર : દેવવ્રત

અમદાવાદ,તા.૮

રાસાયણીક ખાતર અને જંતુનાશક દવાઓથી જળ,જમીન અને પર્યાવરણને વ્યાપક નુકશાન થયુ છે. જેનાથી લોકોનું આરોગ્ય કથળ્યુ છે. અનેક પ્રકારની બીમારીઓનો લોકો ભોગ બન્યા છે. આ બધામાંથી મૂકિત મેળવવાનો રામબાણ ઈલાજ સુભાષ પાલેકર પ્રાકૃતિક ખેતી છે. તેમ જણાવી રાજયપાલ આચાર્ય દેવવ્રતે કહયુ કે, આજે સ્વાસ્થ્ય સારૂ રાખવા ફેમીલી ડોકટરની નહીં પરંતુ ફેમીલી ફાર્મરની આવશ્યકતા છે. આ સંદર્ભે તેમણે જણાવ્યુ કે, વિશ્વમાં ગાયથી વધુ કોઈ પરોપકારી પ્રાણી નથી. એક દેશી ગાયની મદદથી ૩૦ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી થઈ શકે છે. જમીન બંજર થતી અટકી ઉત્પાદન શકિત વધશે. ખેત ઉત્પાદનના વધુ ભાવ મળશે. ખેતી ખર્ચ અને પાણીનો વપરાશ ઘટશે. ગાયના દુધ થી બાળકો બળવાન અને બૃધ્ધીશાળી થશે લોકોનું આરોગ્ય સુધરશે અને ખેડુતોની આવક બમણી થશે. જૂનાગઢ કૃષિ યૂનિ. ખાતે આયોજીત સમારોહમાં ઉપસ્થિત ખેડુતો ગાય આધારિત પ્રાકૃતિક ખેતી માટે સંકલ્પબધ્ધ થયા હતા. તેમની આ સંકલ્પબધ્ધતાને પ્રેરણા આપતા રાજયપાલએ વધુમાં કહયુ કે, ગુજરાતનો ખેડુત ખુશહાલ અને સમૃધ્ધ બને ખેડુતના ચહેરા પર નવી ચમક આવે તે મારો ઉદેશ છે.


## પ્રાર્થના સભા



અમારા પૂજનીય પિતાશ્રી પરમ પૂજ્ય બ્રહ્મનિષ્ઠ બ્રહ્મક્ષોત્રિય શ્રી **બાબુસિંહ સોનાજી ચાવડા (ગામ-પઢારીયા) હાલ ગાંધીનગર નિવાસી** તા.૫-૨-૨૦ને બુધવારના રોજ બ્રહ્મલીન થયેલ છે. **સદ્દગતની પ્રાર્થના સભા તા.૧૦-૨-૨૦૨૦ને સોમવારના રોજ સવારે ૯ થી ૧ કલાક સુધી** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ગ્રીન સીટી, રિધ્ધી મારૂતિ મોટરની સામે, "ક" ૭ ચોકડી પાસે, સેક્ટર-૨૬, ગાંધીનગર**
**મો. ૯૪૨૭૬ ૭૭૧૭૪, ૯૮૨૫૬ ૪૭૬૨૭, ૯૧૦૬૩ ૭૭૩૬૬**

**રાજેન્દ્રસિંહ બાબુસિંહ ચાવડા** (પુત્ર) (ઝોન પ્રમુખ, ગાંધીનગર શહેર કોંગ્રેસ)
**દશરથસિંહ મનુભા ચાવડા** — **જયેન્દ્રસિંહ ગુલાબસિંહ ઝાલા** (જમાઈશ્રી)
**દિલીપસિંહ બળદેવસિંહ ચાવડા** — **સહદેવસિંહ અમરસિંહ ઝાલા** (જમાઈશ્રી)
**ભરતસિંહ બળદેવસિંહ ચાવડા** — **ઋતુરાજસિંહ જયેન્દ્રસિંહ ઝાલા** (ભાણુંભા)
**રાજપાલસિંહ રાજેન્દ્રસિંહ ચાવડા** (પૌત્ર) — **જયજીતસિંહ સહદેવસિંહ ઝાલા** (ભાણુંભા)


# ગુજરાતની નિચલી કોર્ટમાં કેસ નિકાલમાં સૌથી વધુ વિલંબ છે

**ગુજરાતની નીચલી કોર્ટમાં એક કેસના નિકાલમાં સરેરાશ દસ વર્ષ : સિસ્ટમમાં સુધારની જરૂર છે : એમએસ શાહ**


અમદાવાદ,તા. ૮

ભારતમાં ન્યાય કરવા જરૂરી ચાર આધારસ્તંભો-પોલીસ, ન્યાયતંત્ર, જેલ અને કાનૂની સહાય મુદ્દે બહુ મહત્વનો સર્વે હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં અતિ મહત્વના અને ચોંકાવનારા તારણો સામે આવ્યા હતા. ખાસ કરીને ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ-૨૦૧૯ મુજબ, નાગરિકોને ન્યાય આપવાની ક્ષમતામાં ભારતના રાજયોમાં ગુજરાત રાજયએ આઠમું સ્થાન હાંસલ કર્યુ છે. બહુ મહત્વનો એવો આ રિપોર્ટ આજે ગાંધીનગરમાં ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ખાતે બોમ્બે હાઈકોર્ટના નિવૃત્ત ચીફ જસ્ટિસ મોહિત શાહ, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના ડાયરેકટર પ્રો.એસ.શાંતાકુમાર, ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટના ચીફ એડિટર શ્રીમતી માયા દારૂવાલા, ટાટા ટ્રસ્ટના પોલિસી અને એડવોકેસી હેડ શ્રીમતી શીરીન વકીલ અને સોશ્યલ સેન્ટરના સહસ્થાપક ગગન શેઠીના હસ્તે જાહેર કરવામાં આવ્યો હતો. આ રિપોર્ટમાં ગુજરાત રાજયએ ન્યાયતંત્ર ક્ષેત્રે અને કાનૂની સહાય આપવામાં અનુક્રમે સાતમુ અને છઠ્ઠુ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટમાં એવી ચોંકાવનારી વાતો સામે આવી હતી કે, દેશના ન્યાયતંત્ર અને પોલીસતંત્રમાં ઘણી જગ્યાઓ ખાલી છે, તો આ બંને ક્ષેત્રમાં હજુ પણ મહિલાઓને વધુ પ્રાધાન્યતા અપાવી જોઈએ તેવું ચિત્ર પણ સામે આવ્યું છે. સાથે સાથે જેલોમાં કાચા કામના કેદીઓની સંખ્યા વધી રહી હોઈ તે પણ ચિંતાજનક મુદ્દો સામે આવ્યો હતો. ગુજરાતના ન્યાયતંત્રમાં ખાસ કરીને લોઅર જયુડીશરીમાં કેસોની પેન્ડીંગ સ્થિતિને લઈ બહુ ગંભીર અને ચિંતાજનક સ્થિતિ સર્વેમાં સામે આવી હતી કે, ગુજરાતમાં લોઅર જયુડીશરી(નીચલી કોર્ટો)માં એક કેસના નિકાલમાં સરેરાશ આશરે દસ વર્ષ જેટલો સમય લાગી જાય છે. જે સમગ્ર દેશમાં સૌથી વધુ સમયગાળો છે. દેશના નાગરિકો માટે ન્યાય કરવાની રાજ્યોની ક્ષમતા પર સૌપ્રથમ રેન્કિંગની જાહેરાત આજે અહીં થઈ હતી, જેમાં ૧૮ મોટા અને મધ્યમ કદનાં રાજ્યો(દરેક રાજ્યની વસતિ એક કરોડથી વધારે છે)માં મહારાષ્ટ્રને ટોચનું સ્થાન મળ્યું હતું. ત્યારબાદ અનુક્રમે કેરળ, તમિલનાડુ, પંજાબ અને હરિયાણાએ સ્થાન મેળવ્યું હતું. સાત નાનાં રાજ્યો (એક કરોડથી ઓછી ધરાવતાં રાજ્યો)માં ગોવા ટોચનાં સ્થાને હતું અને ત્યારબાદ સિક્કિમ અને

● અનુસંધાન પાના - ૭ પર



ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના ચેરમેન પંકજ ભટ્ટને પ્રજાસત્તાક દિનની ઉજવણી દરમિયાન રાજકોટમાં ગુજરાત રત્ન ગૌરવ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે તેમને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ દરમિયાન ક્રિકેટર ચેતેશ્વર પુજારા, ગોંડલ ભુવનેશ્વરી પીઠના આચાર્ય ઘનશ્યામદાસજી મહારાજ, જય વસાવડા તેમજ નિરંજન શાહને પણ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. પંકજ ભટ્ટને ગુજરાત સરકારે અગાઉ વર્ષ ૧૯૯૭ દરમિયાન પણ ગૌરવ પુરસ્કાર એવાર્ડ એનાયત કર્યો હતો. જયારે વર્ષ ૨૦૦૯માં તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ પણ ગુજરાત રત્ન એવોર્ડથી નવાજયા હતા. જયારે બે વર્ષ અગાઉ તેમને મુંબઈ ફાળકે એકેડમીએ દાદા ફાળકે એવોર્ડથી તેમને સન્માનિત કર્યા હતા.


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Kisan — ashirvad — Jaquar experience bathing — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com